# તા. ૧૨/૦૪/૨૦૧૫ના રોજ લેવાયેલ જેલ સિપાઈ (પુરૂષ/મહિલા) : JS-2015 ની હેતુલક્ષી લેખિત પરીક્ષાની ફાઈનલ આન્સર કી

1. બોક્સિંગની રમતનું મેદાન કયા નામે ઓળખાય છે ?

   જવાબ : રિંગ

2. ભારતીય ભૂમિદળ (Army) માં સૌથી ઉંચો હોદ્દો કયો છે ?

   જવાબ : જનરલ

3. ખેડા અને પંચમહાલ જિલ્લામાંથી 2013 માં કયો નવો જિલ્લો બનાવવામાં આવ્યો ?

   જવાબ : મહિસાગર

4. વિશ્વ યુવાદિન કોની યાદમાં ઉજવવામાં આવે છે ?

   જવાબ : સ્વામી વિવેકાનંદ

5. ગુજરાતનું એક માત્ર એવું કયું રેલ્વે સ્ટેશન છે કે જ્યાં "કુલી" તરીકે સ્ત્રીઓ કામ કરે છે ?

   જવાબ : ભાવનગર

6. સૂર્ય પર થતા ધડાકા આપણે સાંભળી શકતા નથી કારણ કે .....

   જવાબ : સૂર્ય અને પૃથ્વી વચ્ચે શૂન્યાવકાશ છે.

7. કવિ અખાનો વ્યવસાય શો હતો ?

   જવાબ : સોની

8. આર.ટી.આઈ. હેઠળ માંગેલી માહિતીથી સંતોષ ન થાય તો પ્રથમ અપીલ કોને કરી શકાય ?

   જવાબ : એપલેટ અધિકારી

9. LCD નું પૂરું નામ શું છે ?

   જવાબ : Liquid Crystal Display

10. સી.એન.જી. નું પૂરું નામ શું છે ?

    જવાબ : Compressed Natural Gas

11. ગુજરાતની પહેલી વિધાનસભાની કુલ બેઠકો કેટલી હતી ?

    જવાબ : 132

12. દેશમાં દૂધ માટેનું પ્રથમ ATM કયા શહેરમાં મૂકવામાં આવ્યું ?

    જવાબ : આણંદ

13. ડાયનેમાઈટના શોધક કોણ હતા ?

    જવાબ : આલ્ફ્રેડ નોબેલ

14. ગાંધીવાદી નારાયણ દેસાઈનું અવસાન ક્યારે થયુ હતું ?

    જવાબ : 15 માર્ચ, 2015

15. યુનિસેફના સાઉથ એશિયાના પ્રથમ બ્રાંડ એમ્બેસેડર તરીકે કોની પસંદગી થઈ છે ?

    જવાબ : સચિન તેંડુલકર

16. LIC ના પ્રથમ મહિલા એમ.ડી. તરીકે કોણ નિમાયા ?

જવાબ : ઉષા સંગવાન

17. દેશનો સૌપ્રથમ પોલીસ માટે હેલ્થ કાર્ડ પ્રોજેક્ટ કયા જિલ્લામાં અમલમાં આવ્યો ?

જવાબ : ભરૂચ

18. ચીનમાં શાખા ખોલનાર પ્રથમ ભારતીય ખાનગી બેંક કઈ બની ?

જવાબ : AXIS

19. કર્ણાટકના નવા રાજ્યપાલ કોણ બન્યા ?

જવાબ : વજુભાઈ વાળા

20. તાજેતરમાં 'આઈ.ટી.' એક્ટની કઈ કલમ સુપ્રીમે રદ કરી ?

જવાબ : 66-એ

21. મિસ વર્લ્ડ 2014 સ્પર્ધાનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું ?

જવાબ : લંડન

22. નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા કૈલાશ સત્યાર્થી ભારતના કયા રાજ્યના છે ?

જવાબ : મધ્યપ્રદેશ

23. ઈબોલા (Ebola) શું છે ?

જવાબ : રોગચાળો પ્રસરાવતો મારક વાયરસ જે થોડા અઠવાડિયામાં મૃત્યુ નિપજાવે છે.

24. માર્ચ-2015માં ભારત રત્ન એવોર્ડ કોને આપવામાં આવ્યો ?

જવાબ : શ્રી અટલ બિહારી વાજપેયી

25. પ્રથમ ઈ-રેશન કાર્ડ સર્વિસ શરૂ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું ?

જવાબ : દિલ્હી

26. 'કિશોરાવસ્થા વધુ સંઘર્ષ, તણાવ, તોફાન અને વિરોધની અવસ્થા છે.' - આ પરિભાષા કોની છે ?

જવાબ : સ્ટેનલે હોલ

27. અધિગમના 'પ્રયત્ન અને ભૂલ' સિદ્ધાંતના પ્રતિપાદક છે.

જવાબ : થોર્નડાઈક

28. 'અનુભવ તથા પ્રશિક્ષણ દ્વારા વ્યવહારમાં રૂપાંતરણ જ અધિગમ છે.' - આ કથન કયા વિદ્વાનનું છે ?

જવાબ : ગેટ્સ

29. કેશમરે વ્યક્તિત્વના કેટલા પ્રકાર બતાવ્યા છે ?

જવાબ : બે

30. પરીક્ષામાં નાપાસ થયેલ દિપ્તી કહે છે કે શિક્ષકોએ પેપર બરાબર તપાસ્યા નથી. - આ કઈ બચાવ પ્રયુક્તિ છે ?

જવાબ : પ્રક્ષેપણ

31. આનુવંશિકતાના જનકના રૂપમાં પ્રખ્યાત વૈજ્ઞાનિક કોણ છે ?

જવાબ : એફ. વી. મોરીસન

32. આત્મહત્યાનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરનાર વ્યક્તિ કોણ હતા ?

જવાબ : એમિલ દર્ખાઈમ

33. વ્યક્તિત્વ માપનની આત્મનિષ્ઠ વિધિ અંતર્ગત કઈ પ્રવિધિનો સમાવેશ થાય છે ?

જવાબ : અહીં દર્શાવેલ ત્રણેય

34. વિશ્વભરમાં જાણીતી અભિરૂચિ સંશોધનિકા કઈ ગણાય છે ?

જવાબ : સ્ટ્રોંગની અભિરૂચિ

35. અભિક્રમિત અધ્યયન સાથે નીચેનામાંથી કોનું નામ સંકળાયેલું છે ?

જવાબ : સ્કીનર

36. વ્યક્તિત્વ માપન માટે શાહીના ડાઘાની કસોટીની રચના કોણે કરી હતી ?

જવાબ : રોશાક

37. તમારા વિષયના ક્રિયાત્મક સંશોધન માટે સૌથી પહેલાના પછીના ક્રમે શું આવશે ?

જવાબ : સમસ્યા ક્ષેત્ર

38. ભારતસંઘમાં સૌપ્રથમ જોડાવાની પહેલ કયા રાજાએ કરી ?

જવાબ : કૃષ્ણકુમારસિંહજી

39. સહાયકારી યોજનાનો જનક કોણ હતો ?

જવાબ : વેલેસ્લી

40. વાઘેલા વંશનો છેલ્લો શાસક કોણ હતો ?

જવાબ : રાયકરણ

41. દિલ્લીમાં ગુલામવંશનો પ્રથમ સુલ્તાન કોણ હતો ?

જવાબ : કુતુબુદ્દિન ઐબક

42. ફતેહપુર શિકરી નામનું શહેર વસાવનાર બાદશાહ કોણ હતો ?

જવાબ : અકબર

43. પ્રાચીન ભારતનું સૌથી મોટું મંદિર કયું છે ?

જવાબ : બુહદેશ્વર

44. કાયમી જમાબંધી નામની મહેસુલ પધ્ધતિ કોણે અમલમાં મુકી હતી ?

જવાબ : કોર્નવોલિસ

45. 'દિલ્હી' પહેલા કયા નામથી ઓળખાતું ?

જવાબ : હસ્તિનાપુર

46. ગુજરાતનો સુવર્ણયુગ કયા વંશમાં હતો ?

જવાબ : સોલંકી

47. બાબર અને રાણાસાંગા વચ્ચે કયુ યુદ્ધ થયું હતું ?

જવાબ : ખાનવા

48. ઔરંગઝેબનો જન્મ ગુજરાતમાં કયા સ્થળે થયો હતો ?

જવાબ : દાહોદ

49. કયા સમ્રાટને 'હિંદનો નેપોલિયન' કહે છે ?

જવાબ : સમુદ્રગુપ્ત

50. ભારતનું ક્ષેત્રફળ જગતના ભૂ-ક્ષેત્રના સાપેક્ષે આશરે કેટલા ટકા છે ?

જવાબ : 2.42%

51. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા કયા મહાસાગર પરથી પસાર થાય છે ?

જવાબ : પેસેફિક મહાસાગર

52. ભારત અને ચીન વચ્ચે કઈ સીમા રેખા આવેલી છે ?

જવાબ : મેકમોહન

53. કન્યાકુમારીથી વિષુવવૃત્ત આશરે કેટલા કિ.મી.ના અંતરે આવેલું છે ?

જવાબ : 800

54. ભારતનો દરિયા કિનારો કેટલા કિ.મી. લાંબો છે ?

જવાબ : 7516.16

55. કયું સ્થળ ભારતનો દક્ષિણતમ છેડો ગણાય છે ?

જવાબ : ઈન્દિરા પોઈન્ટ

56. ભારતમાં મીઠા પાણીનું સૌથી મોટુ કુદરતી સરોવર કયું છે ?

જવાબ : વુલર

57. કયા પ્રદેશમાં બ્રહ્મપુત્રા નદી દિહાંગના નામે ઓળખાય છે ?

જવાબ : અરુણાચલ પ્રદેશ

58. ભારતનું સૌથી ઉંચુ શિખર કયું છે ?

જવાબ : $K_2$

59. પૃથ્વીના એક રેખાંશને સૂર્ય સામેથી પસાર થતા કેટલો સમય લાગે છે ?

જવાબ : 4 મિનિટ

60. સાબરમતી નદી કયા સમુદ્રને મળે છે ?

જવાબ : અરબ સાગર

61. કર્ણાટકમાં ખૂબ જ વિખ્યાત એવો જળપ્રપાત કયો છે ?

જવાબ : જોગ તલાઈ

62. વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ કયા દેશનું છે ?

જવાબ : ભારત

63. બંધારણ સભાની 2 વર્ષ 11 માસ 18 દિવસમાં કેટલી બેઠકો થઈ ?

જવાબ : 166

64. સતીપ્રથાના વિરોધમાં ઝુંબેશ ચલાવનાર કોણ હતા ?

જવાબ : રાજા રામમોહનરાય

65. "વેદો તરફ પાછા વળો" નો બોધ કોણે આપ્યો ?

જવાબ : દયાનંદ સરસ્વતી

66. "ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો." નું સૂત્ર કોણે આપ્યું ?

જવાબ : સ્વામી વિવેકાનંદ

67. 19 મી સદીમાં ઈસ્લામ ધર્મ અને સંસ્કૃતિને મજબૂત અને શુદ્ધ કરવા કયુ આંદોલન ચલાવ્યું હતું ?

જવાબ : વહાબી આંદોલન

68. 'ખાલસા કોલેજ'ની સ્થાપના કયા શહેરમાં કરવામાં આવી હતી ?

જવાબ : અમૃતસર

69. પારસી સુધારણા આંદોલનને વેગવંતુ બનાવવા કયુ મુખપત્ર શરૂ કરવામાં આવ્યું ?

જવાબ : રાસ્ત ગોફતાર

70. 'પંચમહાલ ભીલ સેવા મંડળ'ની સ્થાપના કોણે કરી ?

જવાબ : ઠક્કરબાપા

71. નીચેનામાંથી કયા પરીબળો રાષ્ટ્રવાદની ભાવના પેદા કરનારા છે ?

જવાબ : અહીં દર્શાવેલ ત્રણેય

72. 'બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય'ની સ્થાપના કોણે કરી ?

જવાબ : મદનમોહન માલવીય

73. સમાજમાં પ્રચલિત કુપ્રથાનું જ્ઞાન વિદ્યાર્થીઓને કઈ રીતે થાય છે ?

જવાબ : સમાજના અધ્યયનથી

74. ભારતના સમાજશાસ્ત્રના પિતા તરીકે કોણ ઓળખાય છે ?

જવાબ : ગોવિંદ સદાશિવ ઘૂર્યે

75. પરમાણુ રિએક્ટરમાં હેવી વૉટરનું કાર્ય શું છે ?

જવાબ : ન્યુટ્રોનની ગતિને ઘટાડવાનું

76. રેડિયો એક્ટિવીટીનો પ્રમાણિત એકમ કયો છે ?

જવાબ : ક્યૂરી

77. નીચેના પૈકી કઈ નિદાન પધ્ધતિમાં વિકિરણ (રેડિયેશન) થતું નથી ?

જવાબ : એન્ડોસ્કોપી

78. નીચે આપેલ વૈજ્ઞાનિક, શોધ, શોધક, વર્ષ અનો દેશ દર્શાવતી જોડીમાંથી કઈ જોડી સાચી નથી ?

જવાબ : ગુરુત્વાકર્ષણ નિયમ - આર્યભટ્ટ - 1205 - ભારત

79. આરસ કયા પ્રકારના ખડકનું ઉદાહરણ છે ?

જવાબ : રૂપાંતરિત (વિકૃત)

80. વાહનની પાછળ આવતાં વાહનોને જોવા માટે કયો અરીસો વપરાય છે ?

જવાબ : બહિર્ગોળ

81. એક બહિર્ગોળ લેન્સ વડે વસ્તુનું લેન્સથી 40 સેમી દૂર વાસ્તવિક અને ઊલટું પ્રતિબિંબ રચાય છે જેની મોટવણી 1 હોય તો લેન્સની કેન્દ્રલંબાઈ કેટલી ?

જવાબ : 20 સેમી

82. પ્રિઝમ દ્વારા શ્વેત (સફેદ) પ્રકાશનું તેના ઘટક રંગોમાં વર્ણપટ મળે છે તે ઘટનાને શું કહે છે ?

જવાબ : પ્રકાશનું વિઘટન

83. વિદ્યુતપ્રવાહની હાજરી જાણવા કયું સાધન વપરાય છે ?

જવાબ : ગેલ્વેનોમીટર

84. નીચેના રાસાયણિક સમીકરણમાં કયું સંયોજન ક્ષાર દર્શાવે છે ?

$H_2SO_4 + 2KOH \rightarrow K_2SO_4 + 2H_2O$

જવાબ : $K_2SO_4$

85. નીચે દર્શાવેલ P અને Q માટે સાચી જોડ જણાવો.

| P | Q |
|---|---|
| (a) સલ્ફરનું નિષ્કર્ષણ | (1) સંપર્કવિધિ |
| (b) નાઈટ્રિક એસિડનું ઉત્પાદન | (2) ફ્રાશ પધ્ધતિ |
| (c) સલ્ફ્યુરિક એસિડનું ઉત્પાદન | (3) હેબર પધ્ધતિ |
| (d) એમોનિયા વાયુનું ઉત્પાદન | (4) ઓસ્વાલ્ડ પધ્ધતિ |

જવાબ : (a - 2), (b - 4), (c - 1), (d - 3)

86. કાર્બનિક સંયોજનમાં કાર્બોક્સિલિક સમુહ માટે વપરાતુ ક્રિયાશીલ સમૂહનું સૂત્ર કયું ?

જવાબ : – COOH

87. 'સ્પાયરોગાયરા' - બહુકોષી સજીવમાં અલીંગી પ્રજનનનો પ્રકાર કયો ?

જવાબ : અવખંડન

88. ખાંડના ભાવમાં 20% વધારો થવાથી મને ₹ 360 માં 2 કિલોગ્રામ ખાંડ ઓછી મળી તો ખાંડનો મૂળ ભાવ શોધો.

જવાબ : ₹ 30 / કિલોગ્રામ

89. 11 ખેલાડીઓની સરેરાશ ઉંમર 25 વર્ષ છે. જો કેપ્ટનની ઉંમર 30 વર્ષ હોય તો બાકીના ખેલાડીઓની સરેરાશ ઉંમર કેટલા વર્ષ થાય ?

જવાબ : 24.5 વર્ષ

90. તરુણ અને યોગેશ 2 : 3 ના પ્રમાણમાં ભાગીદારી કરાર કરે છે પણ તેમાંથી $\frac{1}{4}$ ભાગ આપી ભરતને જોડે છે, તો હવે ત્રણેનું નફા-નુકશાનનું પ્રમાણ કેટલું થશે ?

જવાબ : 6 : 9 : 5

91. કોઈપણ રકમ સાદા વ્યાજે 8 વર્ષમાં બમણી થાય છે, તો વ્યાજનો દર કેટલો ?

જવાબ : 12.5%

92. 72 કિમી / કલાકના વેગથી દોડતી 400 મીટર લાંબી ટ્રેન, એક બોગદામાંથી 3 મિનિટમાં આરપાર પસાર થાય છે, તો બોગદાની લંબાઈ કેટલા કિલોમીટર હશે ?

જવાબ : 3.2 કિમી

93. 15 કારીગરો દરરોજ 8 કલાક કામ કરીને એક દિવાલ 20 દિવસમાં પુરી કરે છે, તો તે જ દિવાલને દરરોજ 6 કલાક કામ કરીને 16 દિવસમાં પુરી કરવા કેટલા કારીગરો વધારવા પડશે ?

જવાબ : 10

94. 11 કિલોમીટર અંતર કાપવા એક સાઈકલનું પૈડું 6250 પરિભ્રમણ કરે છે, તો તેનો વ્યાસ કેટલો ?

જવાબ : 56 સેમી

95. સાદુ રૂપ આપો : $\sqrt{73+\sqrt{70-\sqrt{31+\sqrt{47-22}}}}$

જવાબ : 9

96. નીચેની આકૃતિમાં લંબચોરસની પહોળાઈના ત્રણ સરખા ભાગ કર્યા છે, દરેક ભાગના આકૃતિમાં બતાવ્યા પ્રમાણે સરખા ભાગ કરેલ છે, તો આકૃતિમાં દર્શાવેલ રેખાંકિત ભાગ, આખા લંબચોરસનો કેટલામો ભાગ છે ?



જવાબ : $\frac{5}{9}$

97. નીચેની આકૃતિમાં દર્શાવેલ એક સમઘનનું કુલ ઘનફળ 5832 ઘન સેમી છે, તો તેના એક પૃષ્ઠ (બાજુ)નું ક્ષેત્રફળ કેટલું થાય ?




જવાબ : 324 ચો.સેમી.

98. એક સંમેય સંખ્યાનો અંશ, છેદ કરતાં 3 જેટલો ઓછો છે, જો અંશના 3 ગણા કરીએ અને છેદમાં 20 જેટલા વધારીએ તો બનતો નવો અપૂર્ણાંક $\frac{1}{8}$ થાય છે, તો મૂળ અપૂર્ણાંક કેટલો હોય ?

જવાબ : $\frac{1}{4}$

99. 25341 માં ઓછામાં ઓછા કેટલા ઉમેરવાથી મળતી સંખ્યાને 11 વડે નિ:શેષ ભાગી શકાશે ?

જવાબ : 3

100. એક લંબચોરસની લંબાઈ અને પહોળાઈ બંનેને બમણી કરવામાં આવી, તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકા વધારો થયો ?

જવાબ : 300 ટકા

• • •